
## વડીલોને વંદન
## અભિનંદન



સત્યનારાયણ એચ. શર્મા
(૧૯૫૦) મો : ૯૮૨૪૧૦૮૯૯૪

# પંચાયતના બળવાખોરો સામે કોંગ્રેસ દ્વારા નવી ફરિયાદ

## ૧૪મી ઓક્ટોબરના રોજ સુનાવણી હાથ ધરાશે : ૮ સભ્યો સામે જ ફરિયાદ દાખલ કરાતાં રાજકીય ગરમાવો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા પંચાયતના બળવાખોર ૮ સભ્યો સામે કોંગ્રેસના શ્રી નટવરસિંહ ઠાકોરે નામ નિર્દિષ્ટ અધિકારીની કોર્ટમાં વધુ એક ફરિયાદ દાખલ કરી છે.

આ નવી દાખલ કરાયેલી ફરિયાદમાં શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી ગાંભુસિંહનું નામ બાકાત રાખી બળવાખોરો સામે પક્ષાંતર ધારાની કલમ-૩ અન્વયે કરાઈ છે.

જિલ્લા પંચાયતમાં પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલ સાથે ૯ સભ્યોએ બળવો પોકાર્યો હતો. આ સભ્યોએ ભાજપમાં સામુહિક પ્રવેશ મેળવ્યો હતો. નવી દાખલ કરાયેલ ફરિયાદમાં પક્ષના મેન્ડેટની નકલો સાથે રજુઆત કરવામાં આવી છે.

કોંગ્રેસ પક્ષ તરફથી પક્ષાંતર ધારા ભંગની આ બીજી ફરિયાદ બળવાખોરો સામે દાખલ કરાઈ છે. જો કે તેમાં ૮ જ સભ્યોએ બળવો કર્યો હોવાનું દર્શાવતા પંચાયતના રાજકારણમાં પુનઃ ગરમાવો આવ્યો છે. આ નવી દાખલ કરાયેલ ફરિયાદની સુનાવણી ૧૪મી ઓક્ટોબરના રોજ રાખવામાં આવી છે.

કોંગ્રેસમાંથી બળવો કરી જનારા શ્રીમતી મંગીબેન પટેલ, શ્રીમતી ઉષાબેન પટેલ, શ્રીમતી હીનાબેન પટેલ, શ્રીમતી જયોત્સનાબેન પટેલ, શ્રીમતી ભીખીબેન ઠાકોર, શ્રી સદેસિંહ ઝાલા, શ્રી ગાભાજી ઠાકોર, શ્રી વિજયસિંહ ચાવડા સામે આ ફરયાદ દાખલ કરાઈ છે. અગાઉ નવ સભ્યો સામે પક્ષાંતર ધારા ભંગની ફરિયાદ કારોબારી સમિતિના ચેરમેનશ્રી રામાજી ઠાકોરે કરી હતી. જે અંગેનો કેસ ચાલી રહ્યો છે. ત્યારે આ નવી અરજી કેમ દાખલ કરાઈ તેને લઈ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

રાજકીય વર્તુળોમાં થતી ચર્ચા મુજબ કોંગીના બળવાખોરો સામે અગાઉ કરાયેલ અરજી એ સામાન્ય સભાની બેઠક મળી તે પહેલાં કરાઈ હતી જેથી તે કેસ કોર્ટમાં ટકી શકે તેમ ન હોવાથી આ નવી અરજી દાખલ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં પક્ષાંતરની વાત નવી રહી નથી. કોંગ્રેસે પહેલાં આ બળવો શમી જશે તેવી વાતો કરી હતી તેમજ સભ્યોને મનાવવાના પણ ભરપૂર પ્રયાસો કર્યા હતા પરંતુ નિષ્ફળતા મળતાં સામાન્ય સભા પૂર્વે કેસ દાખલ કરી દેવાયો હતો. આ પછી પણ સભ્યોને મનાવવાના પ્રયાસો ચાલુ રાખ્યા હતા પરંતુ તેમાં પણ સફળતા ન મળતાં આ નવી અરજી દાખલ કરવામાં આવી છે.

પંચાયતનું રાજકારણ આ નવી અરજીને પગલે વધુ એક વખત ગરમાવા પામ્યું છે.





## ચિલોડાની ઓમ લેન્ડમાર્ક શાળામાં ફૂટબોલ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે આવેલ ઓમ લેન્ડમાર્ક શાળામાં ઈન્ટર હાઉસ ફૂટબોલ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. આ ટૂર્નામેન્ટમાં લીલી હાઉસ ટીમે ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. આ સ્પર્ધામાં તમામ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શાળાના આચાર્ય સહિત સમગ્ર કર્મચારીગણે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## બસોબ્યાસી વણકર સમાજ ટ્રસ્ટીમંડળ હોદ્દેદારો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર વસાહતી બસોબ્યાસી વણકર સમાજ ગાંધીનગર હોદ્દેદારોની મુદત પૂર્ણ થતા નવી કારોબારીની વરણી કરવામાં આવી છે. જેમાં ચીફ પેટ્રન તરીકે રમણલાલ વોરા, મેનેજીંગ ટ્રસ્ટી તરીકે રતીલાલ વર્મા, પ્રમુખ તરીકે મધુકર પરમાર, ઉપપ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ પરમાર, કનુભાઈ સોલંકી અને ગોવિંદભાઈ પરમાર, મહામંત્રી તરીકે રમણભાઈ પરમાર, સહમંત્રી તરીકે અરવિંદકુમાર આનંદ, કિરીટકુમાર સુતરીયા, સંગઠનમંત્રી તરીકે મેહુલકુમાર ચાવડા, લાલજીભાઈ પરમાર, કનુભાઈ વાલેરા અને કેશવલાલ પરમાર, ખજાનચી તરીકે સતીષકુમાર વિહોલ અને આંતરીક ઓડિટર તરીકે તુલસીભાઈ પરમારની વરણી કરવામાં આવી છે.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ટેકવન્ડોમાં પ્રથમ નંબરે વિજેતા

ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની એન્ડર-૧૬ ટેકવેન્ડો સ્પર્ધા યોજાઈ હતી. જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની બહેનો પ્રથમ નંબરે વિજેતા બની છે. ખેલાડીઓ રાજયકક્ષાએ રમવા જશે. વિજેતા બહેનોમાં રંજન ચૌધરી, કાજલ બી. ચૌધરી, પવન જી. ચૌધરી, સોનલ ચૌધરી, સંગીતા અને કૃપાલી તથા વર્ષા એન.નો સમાવેશ થાય છે.

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં તાલુકા કક્ષાની કબડ્ડી, ખોખો વોલીબોલ રસ્સા ખેંચ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સંસ્થા ચાર ટીમોએ પ્રથમ નંબર અને ચાર ટીમોએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે. જે જિલ્લા કક્ષાએ રમવા જશે. કબડ્ડી એ ટીમ પ્રથમ-બી ટીમ દ્વિતીય, ખો-ખો એ ટીમ પ્રથમ-બી ટીમ દ્વિતીય, વોલીબોલ એ ટીમ પ્રથમ-બી ટીમ દ્વિતીય, રસ્સાખેંચ એ ટીમ પ્રથમ-બી ટીમ દ્વિતીય રહી હતી.




ગાંધીનગરમાં દારૂની બોટલો મળવી એક સાહજીત બાબત છે. જાહેરમાં ગમે ત્યાં આવી દારૂની ખાલી બોટલો ફેંકી જનારાઓ જાણે કાયદા કાનૂનને તો ખીસ્સામાં રાખતા હોય તેવી રીતે વર્તે છે. સંસ્કારી નગરી ગણાતા આ શહેરમાં ખુલ્લેઆમ અસામાજીક તત્ત્વો મનફાવે તેમ વર્તે છતાં પોલીસ તંત્ર કશું ન કરી શકે તો શું સમજવું...? સૌનો આજ પ્રશ્ન છે...! (તસવીર : કશ્યપ નિમાવત)

## આજે સે. ૨ સ્વામીનારાયણ મંદિરમાં શરદપૂર્ણિમા મનાવાશે

ગાંધીનગર, તા. ૭

શરદપૂનમની રાતડી રંગ ડોલરીયો... શહેરમાં ધામધૂમ અને ગરબા રમી શરદ પૂનમની ઉજવણી કરવામાં આવશે. ત્યારે આજે રાત્રે ૮.૦૦ વાગે સેક્ટર-૨ સ્વામીનારાયણ મંદિરમાં રાસ-ગરબા યોજાશે તેમજ શ્રી ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં પૌંવાનો પ્રસાદ લેવામાં આવશે. સંપ્રદાયની મર્યાદા પ્રમાણે રાસ-ગરબા યોજાશે અને શ્રેષ્ઠ ખેલૈયાઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે.

## રાજકોટ વિધાનસભાની પેટા ચૂંટણી દિવસે રજા

ગાંધીનગર, તા.૦૭

૬૯ રાજકોટ (પશ્ચિમ) મતદાર વિભાગમાં સમાવિષ્ટ વિસ્તારની પેટા ચૂંટણી આગામી તા. ૧૫મી ઓક્ટોબર ૨૦૧૪ને બુધવારના રોજ યોજાનાર છે. મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે આ મતદાર વિભાગ / વિસ્તાર માટે આ દિવસે જાહેર રજા જાહેર કરવામાં આવી છે તેમ સામાન્ય વહીવટ વિભાગે જાહેરનામા દ્વારા જણાવ્યું છે.

# ખુનના આરોપીને નડિયાદની સેસન્સ અદાલતે આજીવન કેદની સજા ફટકારી

નડીયાદ, તા.૮

પોતાની પત્નિના અન્ય વ્યકિત સાથેના આડા સંબંધોની શંકાના કારણે પત્નિને છાતી તથા મોઢાના ભાગે ચપ્પાના ૧૭ જેટલા ઘા મારી મોતને ઘાટ ઉતારનાર આરોપી પતિને આજે નડિયાદની સેસન્સ અદાલતે જીવન કેદની સજા ફટકારી હતી.

આરોપી લક્ષ્મણભાઈ ખોડાભાઈ સેનમાએ તેમની પત્નિ મશુરીબેનને અન્ય ઈસમ વિક્રમભાઈ સાથે સાડા સંબંધ હોવાનો વહેમ રાખી ચપ્પા તથા છરીના ૧૭ જેટલા ઘા ચહેરા તથા છાતીના ભાગે મારી હત્યા કરી હતી. આ ગુનામાં પુરાવા મળતા પોલીસે ઈપીકો ૩૦૨ મુજબ ચાર્જશીટ દાખલ કરી હતી જે કેસ આજે નડિયાદના એડીશનલ સેસન્સ ન્યાયાધીશ એચ.બી. રાવલની અદાલતમાં સુનાવણી માટે આવતા સરકારી વકીલ સંજય એસ. પ્રજાપતિની ફરિયાદી પક્ષે અસરકારક રજૂઆત, દલીલો તેમજ ૧૪ દસ્તાવેજી પુરાવા અને ૨૪ સાહેદોને તપાસી આરોપીને ઈપીકો કલમ ૩૦૨ના ગુનામાં આજીવન કેદની સજા તથા રૂપિયા ૧૦૦૦૦નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ છ માસની સજાનો હુકમ કરેલ છે.

# આવેદનપત્ર આપી પરીક્ષા પાછી ઠેલવાની ઉગ્ર માંગ

## દિવાળીનું વેકેશન શરૂ થતાં જ પરીક્ષા લેવા માટેના ગુજરાત યુનિવર્સિટીના નિર્ણયની સામે વિદ્યાર્થીઓનો ભારે વિરોધ

અમદાવાદ, તા.૦૭

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે દિવાળી વેકેશન પૂર્ણ થયા બાદ તરત જ પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. એ અંગે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા વિરોધ નોંધવામાં આવ્યો છે. આજે એબીવીપીના કાર્યકરોએ ગુજરાત યુનિવર્સિટીના નિર્ણય વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરીને યુનિવર્સિટીના પરીક્ષા નિયામકને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું જેમાં પરીક્ષા પાછી ઠેલવા માંગ કરાઈ હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીમાં આગામી ૨૦મી ઓક્ટોબરથી ૯ નવેમ્બર દરમ્યાન દિવાળી વેકેશન છે. આ દિવાળી વેકેશન ૧૦ નવેમ્બરથી પૂર્ણ થઈ રહ્યું છે ત્યારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૧૦ નવેમ્બરથી બીએ, બીકોમ, બીબીએ, બીસીએમાં સેમેસ્ટર-૫ અને એમએ, એમકોમ અને એમએસસીના ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે આ પરીક્ષા ખૂબ જ વહેલી લેવાઈ રહી છે. જેથી વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારીનો સમય મળે તેમ નથી. આ ઉપરાંત દિવાળીનાં વેકેશનમાં બહારગામથી આવતા વિદ્યાર્થીઓ પોતાના વતન જતાં હોય છે તેમજ શહેરના વિદ્યાર્થીઓ પણ પરિવાર સાથે બહાર ફરવા જવાનું આયોજન કરતાં હોય છે. આવી સ્થિતિમાં દિવાળી વેકેશન ખુલતાની સાથે જ પરીક્ષાનું આયોજન કરવાથી વિદ્યાર્થીઓના પરિણામ ત્યારે આ પરીક્ષાને પાછી ઠેલવાની માંગ સાથે ભાજપની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું છે. વિદ્યાર્થી પરિષદનાં ૧૦૦થી વધુ કાર્યકરોએ યુનિવર્સિટી કેમ્પસમાં યુનિવર્સિટીના નિર્ણયની વિરૂદ્ધમાં સુત્રોચ્ચાર કરીને ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા નિયામકને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં આ પરીક્ષા પાછી ઠેલવા માટે માંગ કરવામાં આવી હતી.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

## વર્ગ-૧ અને ૨ની પરીક્ષા ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરીક્ષાખંડમાં એક પણ પરીક્ષાર્થી મોબાઈલ સાથે પ્રવેશ કરી શકશે નહિ. મોબાઈલ પર સંપૂર્ણ પ્રતિબંધ જાહેર સેવા આયોગે જ લગાવ્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે પરીક્ષા માટે જિલ્લાના સલામતી અધિકારી તરીકે જિલ્લા પોલીસ અધિક્ષકની નિયુક્તી કરવામાં આવી છે. આ પરીક્ષાની કામગીરી માટે ૧૫૦૦ થી પણ વધુ કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે. પરીક્ષા સંપૂર્ણ શાંતિપૂર્ણ માહોલમાં થાય તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવશે. પરીક્ષાર્થી પરીક્ષા કેન્દ્રમાં બસની સુવિધાને લઈ મોડો ના પડે તે માટે એસ.ટી. સત્તાવાળાઓ સાથે પણ બેઠક યોજવામાં આવનાર છે.

ડૉ. મોડિયાએ જણાવ્યુ હતુ કે પરીક્ષા માટે કર્મચારીઓને વિશેષ તાલીમ પણ આપવાનું આયોજન કરાયું છે. તાલિમનો એક તબક્કો સંપન્ન થઈ ચુક્યો છે.

## વિચારોના મધુવનમાં... ● બીજા પાનાનું ચાલુ

આળસું, નિસ્તેજ, ચરબીવાળી અને શરીરની અંદરના રોગોથી પીડાતી પ્રજા બની જાય છે.

અમારી કોઈ પણ વસ્તુ નકામી જતી નથી. અમારા મૂત્રમાં અને છાણમાં અણુવિકિરણ રજને નાશ કરવાની શક્તિ છે. દૂધ, દહી, ઘી, માણખ અને છાસમાં પણ આ શક્તિ ભારોભાર રહેલી છે. (ભોપાલ ત્રાસદી વખતે જે ઘરોમાં નિયમિત હોમમાં અમારા છાણા અને ઘીને પ્રયોગ થતો હતો તે ઘરનાં લોકો પર અણુવિકિરણની નહિવત અસર થઈ હતી. લિંપણ પાછળ પણ માનવ વંશના પૂર્વજોની ઊંડી વિચારસરણી છુપાયેલી હતી) અમારા પંચગવ્ય (દૂધ, ઘી, માખણ છાણ અને મૂત્ર) માં કેન્સરને ઠીક કરવાની શક્તિ છે. પંતગવ્યથી દોઢસો ઉપરાંત રોગોને મટાડવાની શક્તિ રહેલી છે. આજની મોટી સમસ્યા લોહીાં કોલેસ્ટ્રોલના પ્રમાણની પણ છે. અમારા કહી શકાય તેવા સુશ્રુત ઋષિએ કહ્યું છે કે ગાયનું દૂધ અભિષ્યંદી નથી, એટલે કે રસવાદી નાડીઓને કફથી દેનાર નથી. તે સ્નિગ્ધ, ગુરૂ અને રસાયણરૂપ હોઈ રક્તપિત્તનો નાશ કરે છે. અમારા સાહિત્યને જાણનારા લોકોને શાલિહાત્ર કહે છે.

**● ભવ્ય ભારત કોના લીધે સમૃદ્ધ હતું?**

આપશ્રીને જણાવતા અતિ-અતિ આનંદ થાય છે કે પ્રાચીન કાળમાં ધેનુવાન હોય અર્થાત્ અનેક ગાયો રાખતો હોય તેનું ખૂબ માન હતું. અને આજનો 'ધનવાન' શબ્દ પણ 'ધેનુવાન' શબ્દમાં ઉતરી આવ્યો છે. અમારા નામે અનેક નોંધ શાસ્ત્રોમાં મળી આવે છે. જેમ કે : ૮૪૦૦૦ ગાયો રાખનાર નંદ કહેવાતો, ૨,૫૦,૦૦૦ ગાયો ધરાવનાર મહાનંદ, ૧૦ લાખ ગાયો રખેવાળને વૃષભાનુ, ૫૦ લાખ ગાયોના ધણિને વૃષભાનુવર, એક કરોડ ગાયોના માલિકને નંદરાજ તરીકે માન સન્માન મળતાં. આગળ હજી અમારી યશોગાથા સાંભળવા જેવી છે. જયારે કોઈ એક સ્થાન પર ૧૪ નંદ જેટલી ગાયો થઈ જાય ત્યારે તે સ્થાન 'ગોકુળ' બની જતું. અને છેલ્લે ૧૪ ગોકુળ એક બની જાય ત્યારે એ પવિત્ર અને સમૃદ્ધ ભૂમિને 'વ્રજપ્રદેશ' ના નામે પ્રચલિત બની જતો. આ બધી માહિતી આપણા બંધારણના ઘડવૈયાઓને હતી જ. માટે તો કલમ ૪૮ મુજબ ગાય અને ગૌવંશનું રક્ષણ કરવું અને સંવર્ધન કરવું એ પણ ફરજમાં આવરી લેવાયું છે. ગુજરાત ધારે તો અમારા સંવર્ધનની ખાતરી આપી દે, પછી અમારું રક્ષણ આપમેળે થઈ જશે ખરૂં ને.

અમારા મૂત્રમાં સોડિયમ, પોટેશિયમ, નાઈટ્રોજન, યુરિયા એસિડ વગેરે ઓર્ગેનિક રહેલાં છે. મારા દૂધમાં વિટામીન - એ, બી, સી, ડી અને કે - બધા જ વિટામીન રહેલા છે. ઉપર જણાવેલ સુવર્નક્ષારમાં ઓરમ સલ્ફેટ જે એન્ટી કેન્સર છે એ સાબિત થયુ છે. એની અમેરિકાની સંસ્થા દ્વારા (એકાધિકાર - સનદ) પેટન્ટ લેવામાં આવી છે. અમારું છાણ અગ્નિના સંપર્કમાં આવે ત્યારે પ્રોપીલીન ઓક્સાઇડ ફાર્મેલ્ડ હાઈડ્રેડ ગેસ ઉત્પન્ન કરે છે. જે વાતાવરણને અયોગ્ય બેકટેરિયાથી મુક્ત કરે છે.

તમને મજા પડે તેવી વાત. અમારા નામ પરથી પડેલા શહેરોના નામની યાદી. ગ્વાલિયર - ગોપરાષ્ટ્ર, ગોવા - ગોપકથન, ગોંડલ - ગોમંડલ, ગોધરા - ગાયોને સાચવનાર. ગોરખાભાઈઓ પણ આજે તમારી રક્ષા કરે છે પહેલાં અમને રાખતા હતા માટે ગો-રખા.

# કાર્યકાળ પરિપૂર્ણ કરી લેનાર વિદ્યા સહાયકો કાયમી કરાશે

## રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષે મોટાપાયે વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવશે : દિવાળી પહેલા જ કાયમી કરાશે

અમદાવાદ, તા.૦૭

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ચાલુ વર્ષે મોટી સંખ્યામાં નિવૃત્ત થતાં શિક્ષકોની સંખ્યાને ધ્યાનમાં લઈ નવા વિદ્યાસહાયકોની ભરતી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ચાલુ વર્ષે જુનિયર કલાર્કથી શરૂ કરીને પ્રથમ વર્ગના અધિકારીઓ સુધીની ભરતી કરવાનો નિર્ણય કરાયો છે જ્યારે ૩૧ ઓક્ટોબર સુધી પાંચ વર્ષ પૂર્ણ કરનાર વિદ્યાસહાયકોને દિવાળી પહેલા જ કાયમી કરી દેવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યની વિવિધ સરકારી શાળાઓમાં મોટા પ્રમાણમાં શિક્ષકોની ઘટ છે. આ ઉપરાંત ચાલુ વર્ષે મોટી સંખ્યામાં શિક્ષક નિવૃત્ત થઈ રહ્યા છે જેથી ઉત્પન્ન થનાર ઘટને પહોંચી વળવા માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે ચાલુ વર્ષે ૨૬,૬૩૪ જેટલા ઉમેદવારોની ભરતી કરવાનો નિર્ણય કર્યો છે જે અંતર્ગત ૨૬,૬૩૪ ઉમેદવારોમાં નોકરીની માંગણી કરતા પત્રક ગૌણ સેવા પસંદગી મંડળ, જાહેર સેવા આયોગ, પંચાયત સેવા અને સરકારી વિભાગોને મોકલી દેવામાં આવી છે. જેમાં સચિવાલય અને સચિવાલય સિવાયના વિભાગોના ખાતાના વડાઓને મોકલી આપવામાં આવી છે. આ અંતર્ગત જે પણ ઉમેદવારોની ભરતી કરાશે તેમણે પાંચ વર્ષ માટે ફિક્સ પગારથી નોકરી કરવાની રહેશે.

## નકામી વનસ્પતિ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણી મળી રહેતા વૃક્ષ, છોડ તથા બાગ-બગીચા હર્યા ભર્યા બન્યા છે પરંતુ સાથોસાથ નગરમાં તમામ જગ્યાએ નકામી વનસ્પતિ અને ઘાસ પણ વિપુલમાત્રામાં ઉગી નીકળી હાલ ફુલીફાલી ગયા છે. નગરની ફૂટપાથો પણ આ વનસ્પતિથી ઢંકાઈ ગઈ છે તો રખડતા ઢોર પણ આ વનસ્પતિ ખાતા નથી અને ઝેરી જનાવર તથા જીવજંતુઓ આ વનસ્પતિ ઝુંડમાં ભરાઈ રહે છે, જેથી ત્યાંથી નગરજનોને નીકળવું પણ ભય લાગે છે. નગરના કેટલાક સર્કલો પણ આ નકામી વનસ્પતિના સકંજામાં સપડાયેલા છે.

દેશમાં ચાલી રહેલા સ્વચ્છતા અભિયાનમાં સાફ-સફાઈ તથા કચરાનો નિકાલ કરાયો છે પરંતુ આ નકામી વનસ્પતિનો નિકાલ ન થતાં નગરમાં સ્વચ્છતા અભિયાન આડે અંતરાયો ઉભા થયા છે. આ નકામી વનસ્પતિ હાલ નાના છોડમાંથી વટવૃક્ષ જેવી બની ગઈ છે. માર્ગોની આજુબાજુ ગાંડા બાવળ, ઘાસ, તથા અન્ય નકામા વૃક્ષોની પણ હારમાળા સર્જાઈ છે. નગરનો એક પણ ખુણો બાકી નથી જ્યાં આ વનસ્પતિએ પોતાનું સામ્રાજ્ય ન જમાવ્યુ હોય. વધુમાં નગરના માર્ગોની આજુબાજુના વૃક્ષો પણ ઘટાટોપ બની માર્ગો પર લચી પડ્યા છે. છતાં પણ તંત્ર દ્વારા કોઈ પણ જાતની કાર્યવાહી હાથ ન ધરાતા નગરજનોમાં આશ્ચર્ય સાથે રોષ ફાટી નીકળ્યો છે. સામાન્ય નાગરીકની નરી આંખે દેખતાં આ કદરૂપા દશ્યો તંત્રને નથી દેખાતા તે કામ પ્રત્યેની લાપરવાહીનો વરવો નમુનો હોવાનું પણ શહેરીજનો કહી રહ્યા છે.

## બંધ રાખવા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રવાહ સેમેસ્ટર-૧ અને ૨ ની જાહેર પરીક્ષાઓ લેવામાં આવનાર છે. પરીક્ષાના સમયે અસામાજીક તત્વો પરીક્ષામાં ગેરરીતી ન આચરે, પરીક્ષા સંચાલનમાં શાંતિ અને સરળતા રહે, વિદ્યાર્થીઓ શાંતિના વાતાવરણમાં નિર્ભય રીતે પરીક્ષા આપી શકે અને પરીક્ષામાં ગેરરીતીઓ ન થાય તે માટે અનઅધિકૃત સાહિત્ય અથવા ઝેરોક્ષ નકલો થતી અટકાવી શકાય તે હેતુસર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

જે અન્વયે તા. ૧૧ થી ૧૯ ઓક્ટોબર, ૨૦૧૪ દરમ્યાન (જાહેર રજાના દિવસો સિવાય) સવારના ૧૦.૦૦ થી સાંજના ૬.૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની નજીકના ૨૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં આવેલ હોય તેવા તમામ ખાનગી માલિકીના ઝેરોક્ષ સેન્ટરમાં આવેલા ઝેરોક્ષ મશીનો માત્ર પરીક્ષા દરમ્યાન બંધ રાખવા અને પરીક્ષા કેન્દ્રોમાં મોબાઈલ પેજર જેવા આધુનિક સંદેશા વ્યવહારના સાધનો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં ાવ્યો છે.

## ઉભરાતી ગટરો ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાં ગટરોની સમસ્યાને ડામવા ટૂંકમાં કામ શરુ કરી દેવાશે. હાલ સે-૨૪માં કામ શરુ કરી દેવાયું છે જેના આધારે આ વિસ્તારમાં ગટર લાઈનનું નવું જોડાણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત સે-૨૧ શાકમાર્કેટ તેમજ પાછળ સ્થિત હોટલ વિસ્તારમાં પણ ગટરોની સમસ્યા ડામવા ટૂંકમાં કામ હાથ ધરાશે. આ સઘળી કામગીરી પાછળ અંદાજિત રૂ.૧૬ લાખનો ખર્ચ થશે.

## વાઈરલનો ઉપદ્રવ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. નગરના દવાખાનાઓ હાલ આ પ્રકારના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. જો કે ગરમીના કારણે માખી-મચ્છરનું પ્રમાણ ઘટવા પામ્યું છે. પરંતુ દિવસે ગરમી અને રાત્રે ઠંડીમાં શરીર તેનું સંતુલન જાળવવામાં મુશ્કેલી અનુભવી રહ્યુંછે તેવી પ્રતિતિ થઈ રહી છે.

દિવસ દરમ્યાન આકરા તાપનો કેટલીક મહિલાઓએ લાભ ઉઠાવી દીવાળી સફાઈ કાર્યો હાથ ધરી દીધા છે અને નગરમાં ઠેક-ઠેકાણે ધાબાઓની પાળીઓ અને ગેલેરીઓ પર ગોદડીઓ સુકવાતી જોવા મળી રહી છે.

## શબ્દાવલી - ૫૫૨૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ૫ | |
| | ■ | ૬ | | | | | ■ |
| ૭ | ૮ | | ■ | ■ | | ■ | ૯ |
| ■ | ૧૦ | | ■ | ૧૧ | | ૧૨ | |
| ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | |
| | ■ | ૧૬ | ■ | ૧૭ | ૧૮ | ■ | |
| ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | | ■ | |
| ■ | ૨૨ | | ■ | ૨૩ | | | ■ |

### આડી ચાવી

૧. ઝાટકો, ધ્રાસકો (૩)
૩. દેવને અર્પણ કરેલી સ્ત્રી(૪)
૬. ટળળવવું તે (૫)
૭. પેરાલીસીસ, આંચકો (૩)
૧૦. ચાબકા વાગવા.... ઉઠે તે (૨)
૧૧. ગોઠવણી (૪)
૧૩. લખોટી, ગોટી (૫)
૧૪. ઔષધ (૨)
૧૫. ગડી, સળ (૨)
૧૭. ગુંદર (૨)
૧૯. શોમાં મુકવાની વસ્તુનું કબાટ (૩)
૨૧. એક તેજાનો (૨)
૨૨. આગ, અગ્નિ (૨)
૨૩. દૃષ્ટિ (૩)

### ઊભી ચાવી

૧. એક ટંક ચલુણુ જમવાનું વ્રત (જૈન) (૩)
૨. ચપરાશી, કોટવાળીનું કામ કરે તે(૪)
૩. દેવીદેવતા (૨)
૪. પહેલાના જમાનામાં ગામડામાં જાન સાથે રક્ષકો મોકલે તે (૪)
૫. ... વાળવો, વિનાશ કરવો (૨)
૮. પરીક્ષા (૫)
૯. હેરાનગતિ (૫)
૧૧. આપવું - જવું (૫)
૧૨. એક પ્રકારનું વાસણ (૨)
૧૩. શંકા, ધારણા (૩)
૧૬. શ્રીકૃષ્ણનું એક નામ (૩)
૧૮. દર્દી (૩)
૨૦. જેલ (૨)

### શબ્દાવલી ૫૫૨૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) વાસ્તવિકતા (૪) રાધ (૬) વિનવણી (૮) યાહોમ (૧૦) જગ (૧૧) તલ (૧૩) કચકચ (૧૬) દિનચર્યા (૧૮) ઘણુ (૧૯) બરો (૨૦) કાચ (૨૧) શુદ્ધ (૨૨) નમક

**ઊભી ચાવી :-** (૧) વાહિયાત (૨) વિશ્રામ (૩) તાવિજ (૪) રાવ (૫) ઘણીધોરી (૭) નગરચયા (૯) હોલ (૧૨) વચનબદ્ધ (૧૩) કદિ (૧૪) કચરો (૧૫) સંઘર્ષ (૧૭) વાચક (૨૦) કામ